# દેશમાં ૧૧૭ બેઠકો પર બમ્પર મતદાન

## પશ્ચિમ બંગાળમાં રેકોર્ડ ૮૩ અને આસામમાં ૭૭ ટકા મતદાન : વાણિજ્ય પાટનગર મુંબઈમાં ૨૦૦૯ની તુલનામાં વધુ મતદાન : ઉત્તરપ્રદેશમાં ૧૨ બેઠક માટે ૫૮.૫૮ ટકાથી વધુ મતદાન



નવી દિલ્હી,તા. ૨૪
લોકસભાની ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આજે શાંતિપૂર્ણ રીતે રેકોર્ડ ઉંચુ મતદાન થયું હતું. આની સાથે જ તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આ રેકોર્ડ ઉંચુ મતદાન કોની તરફેણમાં થયું છે તે અંગે સસ્પેન્સનો અંત ૧૬મી મેના દિવસે ખુલશે. મતદાન બાદ ચૂંટણી પંચે માહિતી આપતા કહ્યું હતુ છત્તીસગઢમાં રેકોર્ડ ૬૨.૫ ટકા, બિહારમાં સાત સીટો માટે ૬૦ ટકા, આસામમાં છ સીટ માટે ૭૭.૦૫ ટકા, મધ્યપ્રદેશમાં રેકોર્ડ ૬૪.૪ ટકા, તમિળનાડુમાં ૩૯ સીટ માટે રેકોર્ડ ૭૩ ટકા અને રાજસ્થાનમાં ૫૯.૨ ટકા મતદાન થયું છે. દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં પણ રેકોર્ડ ૫૩ ટકા મતદાન થયું હતું જે ૨૦૦૯ની સરખામણીમાં ખુબ વધારે છે છતાં પણ મુંબઈ જેવા સિટીની વાત કરવામાં આવે તો આ મતદાનની ટકાવારી ઓછી રહી છે. કેટલીક જગ્યાએ હિંસાના છુટાછવાયા બનાવ બન્યા હતા. અગાઉ આજે સવારે સવારે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદાનની શરૂઆત થઈ હતી. તમામ જગ્યાએ મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી. મતદારોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. કેટલાક મતદાન મથકો પર શરૂઆતમાં ઓછી લાંબી લાઈનો હતી. તમામ જગ્યાએ મતદાનની શાંતિપૂર્ણ રીતે શરૂઆત થઈ હતી. સવારમાં છઠ્ઠા તબક્કામાં ૧૧૭ બેઠકો ઉપર મતદાનની પ્રક્રિયા

● અનુસંધાન પાન-૭ પર

ઈલેક્શન કાઉન્ટ-ડાઉન
VOTE 05
દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪૪ | ૨૫ એપ્રિલ, ૨૦૧૪, શુક્રવાર; ચૈત્ર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભગવાન જ દેશને બચાવી શકશે : સોનીયા ગાંધી

## ઉત્તર ગુજરાતના ખેરાલુ ખાતે કોંગ્રેસ અધ્યક્ષા સોનીયા ગાંધીએ ખૂબ જ ભાવુક બની સંબોધન કરતા જણાવ્યું કે હે ભગવાન તું જ આ દેશને બચાવી શકે એમ છે : ભાગલાવાદી પરિબળોએ મૂડીવાદીઓના જોરે માથુ ઉચક્યું છે અને વિચારધારાનો સંઘર્ષ ખેલાય રહ્યો છે

ખેરાલુ, તા. ૨૪
હે ! ભગવાન હવે તુજ આ દેશને બચાવી શકે છે. દેશમાં ભાગલાવાદી પરિબળોએ મૂડીવાદીઓના જોરે માથુ ઉંચક્યુ છે અને વિચારધારાનો કપરો સંઘર્ષ ખેલાઈ રહ્યો છે તેવા ભાવુક ઉચ્ચારણો આજે મહેસાણા જિલ્લાના ખેરાલુ ખાતે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ ઉચ્ચાર્યા હતા.



(તસવીર : ચેતન રામી, પાટણ)

તેમણે જણાવ્યું હતું કે ગુજરાત મોડેલના નામે જે વાતો થાય છે તે દેશ માટે ઘાતક છે. ચંદ મૂડીવાદીઓના વિકાસની સાથે ગરીબો હાંસિયામાં ધકેલાયા છે એટલુ જ નહિ ગાંધીની કલ્યાણરાજ્યની ભાવના પણ હાંસિયામાં નાંખી દેવામાં આવી છે.

આ ચૂંટણીનો જંગ વિચારધારાનો જંગ હોવાનું જણાવી તેમણે વિપક્ષ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે ઝનૂનનો માહોલ ફેલાવી નફરતની રાજનીતિ કરવામાં આવી રહીછે. જુઠાણાઓની માયાજાળ રચી સામાજિક રાજનીતિક અને લોકતંત્રમાં ચાલ્યા નહિ હોવાનુ વાતાવરણ બનાવી રહ્યા છે.

જે વાતાવરણ ઉભુ કરાયું છે તેનાથી આ દેશમાં લોકશાહી સુરક્ષિત રહેશે કે કેમ તેની પણ શંકા જાગી છે. તેમણે ભાજપને આડે હાથ લેતાં જણાવ્યુ હતુ કે ગુજરાતમાં ધરોઈ, સીપુ જેવી યોજનાઓ શું તેમણે બનાવી છે ? દેશમાં કોંગ્રેસે કોઈ કામ જ નથી કર્યુ ? પરમાણુ નીતિ, હરિત ક્રાંતિ, શ્વેત ક્રાંતિ, સંચાર ક્રાંતિ શું ભાજપની દેણ છે.

તેમણે કહ્યું કે ગુજરાતમાં તેમાંય ઉત્તર ગુજરાતના ખેડૂતોના હિસ્સાની વીજળી અન્યોને વેચી આ સરકાર નફો કરી રહી છે.

લોકાયુક્તની નિમણુંક ૧૦ વર્ષ સુધી કેમ ના કરી ? તેમણે નરેન્દ્ર મોદીના નામનો ઉલ્લેખ કર્યા સિવાય જણાવ્યુ હતુ કે પોતાની સરકારના કરતૂતોને છુપાવવા રાજ્ય સરકારે આવુ કર્યુ હતુ. અમે તો ભ્રષ્ટાચાર માટે પગલાં લીધા છે. લોકપાલ બિલ પસાર કર્યુ છે. માહિતી અધિકાર આપ્યો છે. તેમણે જણાવ્યુ કે ભાજપ શાસિત રાજ્યોમાં ભ્રષ્ટાચારમાં ગળાડુબ કોની સામે પગલાં લીધા ? ગુજરાતના મંત્રીમંડળમાં જે ખરડાયેલા છે તે આજે પણ હોદ્દા પર ચાલુ છે અને હવે સંસદની સાફસુફી કરવાની વાતો કરે છે.

મોદી શાસન સામે આકરા પ્રહારો કરતાં તેમણે કહ્યું હતુ કે ખેડૂતોની જમીનો પાણીના મૂલે અપાઈ રહી છે. મહિલાઓ પર ઘરેલુ હિંસાના બનાવોમાં વધારો થયો છે. નોકરી આપવાના બહાને હાટડીઓ ખોલાઈ છે.

ગુજરાત મોડેલની વાત કરાય છે પણ અહિ હજુ એવા કેટલાય વિસ્તારો એવા છે જ્યાં પીવાનું શુદ્ધ પાણી નથી. કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા ઘણી મોટી છે. ગરીબી રેખાની નવી વ્યાખ્યામાં વિસંવાદીતા છે. ધર્મ, જાતિ, વર્ગના આધારે લોકોના કામો થાય છે.

તેમણે જણાવ્યુ હતુ કે કોંગ્રેસની વિચારધારામાં સર્વ સમાવેશક વિકાસ

● અનુસંધાન પાન-૭ પર

## NEWS બિટ્સ

### ચૂંટણી પંચે ૩૦૦ કરોડનું કાળુ નાણું પકડયું


લોકસભા ચૂંટણી મધ્યાહને પહોંચી છે ત્યારે કાળા નાણાંની




રેલમછેલ થઈ રહી છે. ગઈકાલ સાંજ સુધી ચુંટણી પંચની વિવિધ સર્વેલન્સ ટીમો દ્વારા રોકડની હેરાફેરીમાં કુલ ૩૦૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમ પકડાઈ છે. આ ઉપરાંત ૩૦,૦૦૦ કિલો નશીલા દ્રવ્યો અને ૧.૩૩ લાખ લીટર દારૂ પણ પકડાયો છે.

### મોદીને ઉમેદવારી નોંધાવા માટે ૨૩ મિનિટ રાહ જોવી પડી

વારાણસીમાં ભવ્યાતિભવ્ય રોડ શો બાદ કલેકટર ઓફીસ ઉમેદવારી નોંધાવા પહોંચેલા મોદી અને તેમના સમર્થકોને ૨૩ મિનિટ



સુધી કલેકટર ઓફીસના પરિસરમાં રાહ જોવી પડી હતી. મોદી કલેકટર ઓફીસ પહોંચે તે પહેલા ૧૦થી ૧૨ અપક્ષ ઉમેદવારો કલેકટરના ખંડમાં ઉમેદવારી નોંધાવવા કતાર લગાવીને ઉભા હતા. ક્રમાનુસાર જેમ જેમ ઉમેદવારી પત્રો ભરાતા ગયા તેમ તેમ ઉમેદવારો કલેકટરનો ખંડ છોડતા ગયા. ૨૩ મિનિટ બાદ મોદીનો ક્રમ આવતા તેમણે ઉમેદવારી પત્ર પર હસ્તાક્ષર કર્યા હતા.

### ગુજરાતની સૌથી ઊંચી ઈમારત ૩૦ માળની સુરતમાં બનશે

સુરતમાં રાજયની સૌથી ઊંચી ઈમારત 'ધ હબ'ના પ્લાન/



નકશા તૈયાર થઈ ચુકયા છે. રાજય સરકારે ખાસ કિસ્સામાં ૧૦૦ મી.ની ઊંચાઈ વાળી ૩૦ માળની ઈમારતને મંજુરી આપી છે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ નિર્માણ થઈ રહેલ આ ઈમારત આકર્ષણનું કેન્દ્ર બનશે. 'ધ હબ'ની ડિઝાઈન સેપ્ટ દ્વારા તૈયાર કરાઈ છે.

### મલેશિયાનું લાપતા વિમાન અજ્ઞાત સ્થળે ઉતર્યુ હોવાની સંભાવના

રહસ્યમય રીતે લાપતા બનેલ મલેશિયાના વિમાન એમએચ-૩૭૦ની તપાસમાં નવો વળાંક આવ્યો છે. સમુદ્રમાં ઘનિષ્ઠ તપાસ બાદ તૂટી પડયાના કોઈ સંકેત



મળ્યા નથી. સેટેલાઈટ દ્વારા સમગ્ર કાળખંડની તપાસ છતાં કોઈ સીધી સાબિતી ન મળતા તજજ્ઞો એવા નિષ્કર્ષ ઉપર પહોંચ્યા છે કે કોઈ અજ્ઞાત સ્થળે વિમાન સહી સલામત ઉતર્યુ હોય એવી સંભાવના છે.

# સ્ટેટીક સર્વેલન્સની વધુ ૧૦ ટીમો બનાવવાનો તંત્રનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૪
ગાંધીનગર જિલ્લામાં સ્ટેટીક સર્વેલન્સની ટીમો જે અત્યાર સુધી પાંચ હતી તેના બદલે શનિવારથી ૧૫ જેટલી ટીમો કાર્યરત કરી દેવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં હવે સ્ટેટીક સર્વેલન્સ ટીમો રાઉન્ડ ધી ક્લોક તેની ફરજો બજાવશે. આર્થિક રીતે સંવેદનશીલ આ જિલ્લાની બે બેઠકો ગણવામાં આવી રહી છે. ત્યારે વહીવટીતંત્રએ આ મહત્વનો નિર્ણય લીધો છે.

ગાંધીનગર જિલ્લામાં મતદાન ૩૦મી એપ્રિલે યોજાવાનુ છે અને પ્રચાર અભિયાનના અંતિમ ચરણમાં નાણાંની હેરફેર થતી અટકે તેમજ લોકો લાલચમાં ના આવી જાય તે માટે તંત્રએ આગોતરૂ આયોજન કરી નાકાબંધી સર્વેલન્સને સઘન બનાવવાનો નિર્ણય કરેલ છે.

જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ત્રણ સંસદીય મતવિસ્તાર સાથે સંકળાયેલ છે એટલે અહિ ખર્ચ નિરીક્ષકોની પણ બાજનજર છે. જિલ્લામાં હાલ પાંચ પોઈંટ સ્ટેટીક સર્વેલન્સ માટે નિયત કરાયા છે તેમાં પણ એકાદ-બે દિવસમાં જ વધારો કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

# ગુજરાતમાંથી આચારસંહિતા ભંગની ૫૩૩ ફરિયાદો થઈ

## આચારસંહિતના અમલ માટે કડક પગલા : ૫૦૬ ફરિયાદોનો થયેલો નિકાલ

## ૨૭ ફરિયાદો નિર્ણય અર્થે : સૌથી વધુ કચ્છ જિલ્લામાંથી મળેલી ૫૩ ફરિયાદો

ગાંધીનગર, તા. ૨૪
ભારતના ચૂંટણી પંચે લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૪ની તા. ૫ માર્ચ, ૨૦૧૪થી જાહેરાત કરી તે દિવસથી ગુજરાત સહિત સમગ્ર ભારતમાં આદર્શ આચારસંહિતાનો ચૂસ્ત અમલ શરૂ થઈ ગયો છે. જેના ભાગરૂપે ગુજરાત રાજ્યમાં આદર્શ આચારસંહિતાના અસરકારક અમલ માટે કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં આદર્શ આચારસંહિતાના ભંગની મળેલી ફરીયાદો વિશે વિગતો આપતા મુખ્ય નિર્વાચન અધિકારીની યાદીમાં વધુમાં જણાવાયું છે કે, અત્યાર સુધીમાં કુલ ૫૩૩ ફરીયાદો મળી છે. આ પૈકી ૫૦૬ ફરીયાદોનો નિકાલ થઈ ગયો છે જ્યારે ૧૫ ફરીયાદો જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા નિકાલની પ્રક્રિયા હેઠળ છે. આ ફરીયાદો પૈકી સૌથી વધુ કુલ ૫૩ ફરીયાદો કચ્છ જિલ્લામાંથી પ્રાપ્ત થઈ છે. આચારસંહિતા ભંગની મળેલી ફરીયાદો પૈકી ભારતીય જનતા પક્ષ દ્વારા કુલ ૩૫ ફરીયાદો મળી છે. જે પૈકી ૩૦ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે, અને બાકીની પાંચ પૈકી ફરીયાદો ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી ખાતે અને બે ફરીયાદ જિલ્લા ચૂંટણી અધિકારી પાસે નિર્ણયની પ્રક્રિયામાં છે. જ્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તરફથી કુલ ૮૨ ફરીયાદો મળી છે. જેમાંથી ૭૦ ફરીયાદોનો નિકાલ થઈ ગયો છે. અને બાકીની ૧૨ પૈકી ચાર ફરીયાદો ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી ખાતે અને સાત ફરિયાદ જિલ્લા ચૂંટણી અધિકારી પાસે નિર્ણયની પ્રક્રિયામાં છે. જે પૈકી ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીને મોકલવામાં આવેલી પાંચ ફરીયાદો પૈકી ચાર ફરિયાદો નિર્ણયની પ્રક્રિયામાં છે અને એક ફરિયાદનો નિકાલ થઈ ગયો છે.

જ્યારે અન્ય રાજકીય પક્ષો તરફથી સાત ફરિયાદો પ્રાપ્ત થઈ છે. જે પૈકી પાંચ ફરીયાદનો નિકાલ થઈ ગયો છે, જ્યારે બે ફરીયાદ જિલ્લા ચૂંટણી અધિકારી પાસે નિર્ણયની પ્રક્રિયામાં છે. આ ઉપરાંત સામાન્ય પ્રકારની ૪૦૯ ફરીયાદો મળી છે. જે પૈકી ૪૦૧ ફરીયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે, આઠ ફરીયાદો નિર્ણય લઈ નિકાલ કરવાની પ્રક્રિયામાં છે. આદર્શ આચારસંહિતા ભંગની મળેલી ફરિયાદો પૈકી જિલ્લાવાર વિગતો આપતાં મુખ્ય નિર્વાચન અધિકારીની યાદીમાં જણાવાયું છે કે, કુલ મળેલી ૫૩૩ ફરીયાદો પૈકી સૌથી વધુ ૫૩ ફરીયાદો કચ્છ જિલ્લામાંથી આવી છે.


ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

દેશ ઈચ્છે છે
એક મજબૂત સરકાર

પૂર્ણ બહુમતવાળી સ્થિર સરકારે
પોતાની નીતિઓ સાથે બાંધછોડ
કરવી પડતી નથી.

સ્થિર સરકાર બનાવવા ભાજપને જ મત આપી
સ્પષ્ટ બહુમત આપીએ.

ભાજપને વિજયી બનાવીએ



અબકી બાર
મોદી સરકાર

ભાજપને
મત આપો

કમળને મત આપી ભાજપને વિજયી બનાવીએ
ભાજપ

SUPPORT 078200 78200 | VOLUNTEER india272.com | NaMo NUMBER MOBILISE namonumber.com | DONATE donate.bjp.org | INTERACT #narendramodi | Issued by Bharatiya Janata Party Gujarat